A.M.C. MEDICAL EDUCATION TRUST

# એ.એમ.સી મેટ સરક્યુલર નં- ૧૮ તા:-૨૪/૦૧/૨૦૨૪

વિષય:- એ.એમ.સી મેટમાં વર્ગ ૧ થી ૨માં ફરજ બજાવતાં, નવી નિમણુક પામેલ તેમજ બઢતીથી નિમાયેલ અધિકરીઓ, તબીબી શિક્ષકો તથા તમામ કર્મચારીઓને તા. ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થાવર તથા જંગમ મિલ્કતોની માહિતી મોકલી આપવા બાબત

સંદર્ભ:- અ.મ્યુ.કોર્પો. સરક્યુલર નં. ૫૧- તા. ૨૧/૧૨/૨૦૨૩

આથી એ.એમ.સી.મેટ સંચાલીત તમામ કોલેજો તથા તેને સંલગ્ન હોસ્પિટલના ડીનશ્રીઓ, મેડિકલ સુપ્રિન્ટેન્ડેન્ટશ્રીઓ, તબીબી શિક્ષકો, અધિકારીઓને જણાવવાનું કે એ.એમ.સી.મેટના કર્મચારીઓને તેમની પ્રથમ નિમણુક સમયે તેમજ અથવા ખાસ હુકમથી જણાવવામાં આવે તે સમયે નિયત કરેલ નમુનામાં તેમની તમામ સ્થાવર તથા જંગમ મિલકતોની માહિતી ભરીને મોકલાવી ફરજીયાત છે. જે અંગે ઓફીસ દ્વારા વખતો વખત પરીપત્રો કરવામાં આવેલ છે. તે અનુસાર જે તે વર્ષના ૩૧ ડીસેમ્બરના રોજની સ્થાવર જંગમ મિલ્કતની માહિતી દર્શાવતું પ્રોપર્ટી રેટર્નનું ડેક્લેરેશન ફોર્મ ભરીને પછીના વર્ષની ૩૧મી જાન્યુઆરી સુધીમાં મોકલી આપવાનું ફરજીયાત છે.

એ.એમ.સી મેટ સંચાલીત તમામ કોલેજો તથા તેને સંલગ્ન હોસ્પિટલમાં ફરજ બજાવતા તથા નવી નિમણુક પામેલ તેમજ બઢતી પામેલ તમામ વર્ગ ૧ થી ૨ના અધિકરીશ્રી/ તબીબ શિક્ષકશ્રી/ કર્મચારીશ્રીઓએ તા.૩૧.૧૨.૨૦૨૩ની સ્થિતિએ સ્થાવર તથા જંગમ મિલકતોની માહીતી ભરીને પ્રોપટી રીર્ટનનું ડેક્લેરેશન ફોર્મ એ.એમે.સી.મેટની વેબ સાઇટ www.amcmet.org/About us/ **forms** ઉપરથી ડાઉનલોડ કરી મેળવવાનું રહેશે અથવા જે તે કોલેજની વહીવટી ઓફિસમાંથી મેળવી લેવાનું રહેશે. સંપુર્ણ વિગત સાથે ભરેલું પ્રોપટી રીટર્નનું ફોર્મ વર્ગ ૧ થી ૨ ના અધીકારીશ્રી/ તબીબી શિક્ષકશ્રી/ કર્મચારીશ્રીઓએ તા.૨૯/૦૨/૨૦૨૪ સુધીમાં જે તે કોલેજ મારફતે એ.એમ.સી.મેડિકલ એજ્યુકેશન ટ્રસ્ટની ઓફિસે મોકલી આપવાનું રહેશે.

આ સર્ક્યુલર ની નોંધ તમામ સંબંધિત અધિકારીશ્રી/ તબીબી શિક્ષકશ્રી / કર્મચારીશ્રીઓને લેવડાવવા તેમજ નોટીસબોર્ડ ઉપર પ્રસિધ્ધ કરવાની રહેશે.

AMC MEDICAL EDUCATION TRUST — AHMEDABAD MUNICIPAL CORPORATION

૨૪/૧/૨૪

સેક્રેટરી

એ.એમ.સી.મેટ

**Regd. Office :** Ground Floor, Dr. Ramanbhai Patel Bhavan, Office of West Zone, Ahmedabad Municipal Corporation, Usmanpura, Ahmedabad-380 013.
**Corresponding Office :** Ground Floor, Smt. NHL Municipal Medical College Premises, V. S. Hospital Campus, Ellis Bridge, Ahmedabad-380 006. **Tele :** +91-79-26577621 **Extn. :** 402, 403 **Telefax :** +91-79-26579185
**E-mail :** dydiramcmet@gmail.com **Website :** www.amcmet.org